સરદાર પટેલ સેવા સમાજ ગાંધીનગર દ્વારા મુખ્યમંત્રી રિલીફ ફંડમાં રૂપિયા ૩,૦૦, ૦૦૦/- (ત્રણ લાખ) કોરોના રાહત ફંડ માટે નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલને સમાજના મંત્રી ગીરીશ પટેલ તથા ઉપપ્રમુખ કાલીદાસ વી પટેલ દ્વારા ચેક અર્પણ કર્યો હતો. ભાજપના યુવા નેતા કેતનકુમાર પટેલ સાથે જોડાયા હતા અને નાયબ મુખ્યમંત્રી નિતિનભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી ચેલેજિંગ પ્રોજેક્ટસ વિથ એડ્વાન્સ કોનક્રિટ સોલ્યુશન વિષય પર વેબીનાર

ગાંધીનગર, તા. ૭

બાપુ ગુજરાત નોલેજ વિલેજની સલગ્ન સંસ્થા શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી લોકડાઉનના સમયનો સદઉપયોગ કરવાના હેતુથી ચેલેંજીગ પ્રોજેક્ટસ વિથ એડ્વાન્સ કોનક્રિટ સોલ્યુશન વિષય પર વેબીનાર યોજાયો. હતો.

આ વેબિનારમા કૉંક્રિટ ટેકોનોલોજીમાં ભારતની પાંચમા નંબરની શ્રેષ્ઠ કંપની 'NUVOCO VISTA CORP LTD ' તરફથી સર્વશ્રેષ્ઠ વક્તાઓ વિદ્યાર્થઓ સાથે ઓનલાઈન જ્ઞાન પ્રશ્નોતરી ના માધ્યમથી શેર કર્યુ હતું. પ્રો. વેદિકા શાહ અને કોલેજ ના સિવિલ ડીપાર્ટ્મેંટ HOD પ્રો.મિત્તલ પટેલના સહયોગ થી યોજાયેલ આ વેબિનારમાં ૬૦ જેટલા વિદ્યાર્થઓએ ભાગ લીધો હતો.

ઈ-લર્નિંગના માધ્યમથી કોલેજના વિદ્યાર્થઓના જ્ઞાનમા વધારો કરવા બદલ કેમ્પસના ટ્રસ્ટી શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી ભરતસિંહ વાઘેલા સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિ કુમાર અને કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કિંજલ અધવર્યુ તથા સમગ્ર સ્ટાફે પ્રો. વેદિકા શાહ અને કોલેજના સિવિલ ડીપાર્ટ્મેંટ HOD પ્રો.મિત્તલ પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

ગાંધીનગરમાં રોજ કોરોનાના નવા કેસ વધી રહ્યા છે. છતાં અમુક લોકો અને વેપારીઓ બેફામ બની પોતાની રીતે વર્તન કરી રહ્યા છે. સેકટર-૬માં આવેલ હોલસેલ દુકાનોમાં સોશીયલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળ્યો હતો. વેપારી પણ નફો લેવાના મૂડમાં ગ્રાહકો પાસેથી પૈસા લેવામાં જ ધ્યાન રાખી રાખી રહ્યા છે. સેનિતાઈઝર નો પણ ઉપયોગ કરવાનું વાજબી લાગતું નથી. આવા નગાખોર વેપારીઓ અને અણઘડ લોકોનાં કારણે જ બીજા પણ હેરાન થાય છે. ઘ-૩ થી સેકટર-૧૨ તરફ જવાના રસ્તે શાકભાજીની લારીઓ પર પણ આજ રીતે દૃશ્યો જોવા મળ્યા છે. ખરીદનાર અને વેચનાર બન્ને પરિસ્થિતિની ગંભીરતા ભૂલી ગયા છે. કોરોના જેવી મહામારી ને હજુ પણ લોકો ગંભીરતાથી લઈ રહ્યા નથી.

# દરેક સમસ્યાનું સમાધાન સમગ્ર યોગમાં સમાયેલું છે - સદ્‌ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી

ગાંધીનગર,તા. ૭

જેમ શરીરને મજબૂત કરવા કસરત જરૂરી છે, તેમ આત્માને સશક્ત કરવા ધ્યાન જરૂરી છે - સદ્ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી, દરેક મનુષ્ય સમાન છે. ભીતરથી મનુષ્યતાને જગાડો - સદ્ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી, સમર્પણ ધ્યાનયોગની ઓનલાઈન શિબિરમાં અંદાજિત ૫ લાખથી વધારે લોકો જોડાયા, યોગાસન યોગનું કેવળ એક અંગ છે, સમગ્ર યોગનું ક્ષેત્ર વિશાળ છે. : સદ્‌ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી

હાલમાં સમગ્ર દેશ કોરોના મહામારીને કારણે લોકડાઉનમાં છે ત્યારે લોકોને ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા હરરોજ ધ્યાન અને યોગ કરવાની સલાહ આપી છે, ત્યારે સમગ્ર વિશ્વના ૨૯ દેશમાં ફેલાયેલ સમર્પણ ધ્યાનયોગના પ્રણેતા સદગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીની પ્રેરણાથી બુદ્ધ પૂર્ણિમાના પાવન દિવસે પ્રભાતે ઓનલાઈન ધ્યાનશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભારત સહિત સમગ્ર વિશ્વમાંથી અંદાજિત ૫ લાખથી વધારે લોકો જોડાયા હતા. સમગ્ર શિબિરનું ૧૪ જેટલી ટીવી ચેનલોના માધ્યમથી જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું.



# ગાંધીનગરમાં ઑનલાઈન ૭૯ કવિઓને સમ્માનિત કરવામાં આવ્યા

ગાંધીનગર,તા. ૭

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર દ્વારા તારીખ ૫ મે ૨૦૨૦ ના રોજ આયોજિત કવિ સંમેલનમાં જોડાયેલ ૭૯ હિન્દી કવિઓને ડૉ ગુલાબચંદ પટેલ અધ્યક્ષ દ્વારા આયોજિત સમ્માન સમારોહ માં ઑનલાઈન ક્ષેત્રીય નિદેશક કેન્દ્રીય હિન્દી સંસ્થાન અમદાવાદના સુનીલ કુમાર ના હસ્તે સમ્માન પત્ર આપી સમ્માનિત કરવામાં આવ્યા છે.

મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગાંધી નગર તાજેતરમાં અસ્તિત્વમાં આવી છે તેમ છતાં લોક ડાઉન માં પણ ચાર કવિ સંમેલન બે ગુજરાતી ભાષા માં અને બે હિન્દી ભાષામાં ઑનલાઈન આયોજિત કરવામાં આવ્યા અને તમામ કવિ લેખકને સન્માન પત્ર આપી સમ્માનિત કરવામાં આવ્યા છે.

આ કાર્યક્રમનું સંચાલન રમેશભાઈ મૂલવાણી સચિવ દ્વારા કરવામાં આવ્યું હતું અને આ સંસ્થાના ઉપાધ્યક્ષ ગોરખનાથ દ્વારા મેહમાન સુનીલ કુમારનું સ્વાગત શબ્દોથી કર્યું હતું, સંસ્થાના અધ્યક્ષ ડૉ ગુલાબચંદ પટેલ દ્વારા નિદેશક સુનીલ કુમાર જીનું સમ્માન પત્ર આપી સમ્માન કર્યું હતું અને આભાર માન્યો હતો.

આ પ્રસંગે ડૉ ભાવના સાવલિયા રાજકોટ દ્વારા તમામ કવિ લેખક, મેહમાન અને સંસ્થાના પદાધિકારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# માણસાની અલકાપુરી સોસાયટીમાં પબ્લિકની ઈમ્યુનીટીમાં વધારો થાય તે માટે હોમિયોપેથિક દવાઓનું વિતરણ

ગાંધીનગર,તા. ૭

હાલના સમયમાં નોવેલ કોરોના વાઈરસ (COVID-19) નાં ફેલાવાથી સમગ્ર વિશ્વમાં મહામારી ફેલાઈ રહી છે.આ વાઈરસના ચેપથી સમગ્ર વિશ્વમાં અનેક લોકો સંક્રમિત થયા છે. ભારતમાં નોવેલ કોરોનાને નિયંત્રણ કરવા માટે સમગ્ર ભારતમાં લોકડાઉન આપવામાં આવ્યું છે. આ લોકડાઉન દરમિયાન નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના રાષ્ટ્રીય યુવા વોલ્યન્ટર્સ, હાર્દિક મોચી, આંગણવાડી કાર્યકર જયશ્રીબેન મોચી, આશા બેન રંજનબેન પરમાર એ માણસા તાલુકામાં કોરોના સંક્રમિત લોકો સુધી જરૂરી જ્ઞાન પહોચે તે માટે સોસીયલ ડીસ્ટન્સીંગને ધ્યાનમાં રાખીને સર્વે (હોમ વીઝીટ) કરવામાં આવી, તેમજ કોરોના થી બચવાના ઉપાયો દર્શાવતા બર્નર તેમજ ટેમ્પ્લેટ નું વિતરણ કરવામાં આવ્યું, લોકોમાં ઈમ્યુનીટીનો વધારો થાય તે માટે માણસાની અલકાપુરી કો.ઓ. હા.સોસાયટી માં ૧૫૦ થી પણ વધારે હોમિયોપેથિક દવાઓનું વિતરણ કરવામાં આવ્યું.

# કેરેક્ટરાઇઝેશન ઇસ ધ કી ફોર એન એક્ટર : ઓજસ રાવલ

સતત લોકડાઉન ના ૪૩ માં દિવસે પણ શહેરના 'ધ અંથિંગ ગ્રુપ' દ્વારા નાટ્યરસિકો માટે માસ્ટર કલાસનું આયોજન કરાયુ. જેમાં મુંબઈના ખ્યાતનામ એક્ટર અને સ્ટેન્ડ અપ કોમેડિયન કલાકાર 'ઓજસ રાવલ' એ ઈન્સ્ટાગ્રામ ના માધ્યમ થી વિદ્યાર્થીઓ સાથે જોડાઈને એકટિંગ અને કેરેક્ટરાઈજેશન વિશે માર્ગદર્શન આપ્યું. જેમાં એકિંટગ માટે કેરેક્ટરાઈજેશન ટિપ્સ અને ટેક્નિક વિશે વાત કરી.

સાથે જ કેરેક્ટર ભજવવા માટે કોસ્ચ્યુમ , અવાજ, બોડી લેંગ્વેજ, એક્સપ્રેશન અને ઈમ્પરોવાઈઝેશન વિશે પણ જણાવ્યું. કેરેક્ટર ને સારી રીતે ભજવવા માટે તેના અલગ અલગ પાસાઓ જેવા કે કોસ્ચ્યુમ, વોઈસ, બોડી લેન્ગવેજ અને હાવભાવ પર ઊંડાણપૂર્વક માહિતી આપી. એક સારા એકટર કે આર્ટિસ્ટ બનવા માટે રિહર્સલ વગર પર્ફોર્મ કરીએ તો એ પહેલી વાર માં જ થઈ જાય એવું જરૂરી નથી પણ એને વધુ સારી રીતે નિભાવા માટે રિહસલ્સ કરવા બહુ જ જરૂરી છે.

માત્ર ગુજરાત કે ભારત જ નહીં પરંતુ હૈદરાબાદ, યુ કે અને દુબઈ માં રહેલા નાટ્યરસિક વિદ્યાર્થીઓ સહિત ૫ર લોકો આ માસ્ટરકલાસ માં જોડાયા હતાં. કોરોના ની મહામારી વચ્ચે ભારત જ નહીં પરંતુ વિદેશમાં યુ કે અને દુબઈ માં વસતા નાટ્યરકસિકો સુધી પહોંચીને પણ 'ધ અંથિંગ ગ્રુપ' એ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

દેશ માં થઈ રહેલા ત્રીજા લોકડાઉન માં પણ ઘરે રહેલા લોકો ને હકારાત્મકતા અને નાટ્યકલા દ્વારા અવિરત જુસ્સો જાળવી રાખવાનો અને લોકો ની અંદર રહેલા કલાકાર ને ખીલવવા બનો ભગીરથ પ્રયાસ 'ધ અંથિંગ ગ્રુપ' દ્વારા કરવામાં આવ્યો. જેમાં સતત ત્રણ ઓનલાઈન થિયેટર વર્કશોપ, ઓનલાઈન ફિલ્મ અપ્રિસીએશન કલાસ , ઓલ ગુજરાત મોનોલોગ કોમ્પિટિશન અને માસ્ટરકલાસ કરીને 'ધ અંથિંગ ગ્રુપ' ના ફાઉન્ડર અને કો ફાઉન્ડર, પ્રફુલ પંચાલ અને ચિરાગ પારેખ એ નાટ્યકલા ક્ષેત્રે

ઉત્તમ ઉદાહરણ પૂરું પાડયું છે . સાથે તેમના જ માર્ગદર્શન હેઠળ, વત્સલ વ્યાસ, ચિરાગ દેશાણી, દીપ પંચાલ, અક્ષત દરજી, મૈત્રી દવે અને નીતિન ધનકાની ને મેંટર્સ તરીકે શીખવા માટે અમૂલ્ય તક પણ પ્રાપ્ત થઈ.આવનારા દિવસોમાં બીજા રાજ્યોના નાટ્યવિધો આ માસ્ટરકલાસ દ્વારા એમના જ્ઞાનને વહેચશે. જેની માહિતી ઈનસ્ટાગ્રામ અને ફેસબુક પર ''ધ અંથિંગ ગ્રુપ''ના પેજ પરથી મળશે.

# ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા ૬૫૦૦ સાદા માસ્ક બનાવી દરેક નાગરિકને ઘરે-ઘરે પહોંચાડી વિતરણ કર્યુ

ચિલોડા, તા. ૭

સમગ્ર વિશ્વ કોરોના વાયરસ-કોવિદ-૧૯ સામે અત્યંત ચેપી ગણાતા રોગમાં લોકો ખૂબ જ સાવધાની રાખવી પડે છે. ડોક્ટરો જાનના જોખમે દર્દીઓની સેવા બજાવી રહ્યા છે. પોલીસકર્મીઓ યોદ્ધા બની ખડેપગે ઝઝુમી રહ્યા છે. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાના સરપંચો, ગ્રામ આગેવાનો, સ્વયંસેવકો પોતાના ગામના નાગરિકોની રખેવાળી કરવા ચોકીદાર બની પ્રવેશબંધી કરી સેવા બજાવી રહ્યા છે. ગામના જરૂરિયાતમંદ ગરીબ પરિવારોને ભોજન, કરિયાણાની કીટ પહોંચાડવા કમર કસી રહ્યા છે. આ ઉપરાંત ગામમાં સ્વસ્થ રહો, સુરક્ષિત રહો તેવા મંત્રને ચરિતાર્થ કરવા ઘરે ઘરે સેનેટાઈઝર, સ્વચ્છતા અભિયાન, ગરમ આયુર્વેદિક ઉકાળાનું વિતરણ, હોમિયોપેથી દવાનું વિતરણ, શાકભાજીનું વિતરણ, હાથના મોજા, રેશનીંગ દુકાન દ્વારા રાશનનું વિતરણ, કાર્ડધારકોને એક હજાર રૂપિયા જમા કરાવાની કામગીરી, સોશિયલ ડિસ્ટન્સનો અમલ, લોકડાઉનનું ચુસ્તપણે અમલ, બિનજરૂરી બહાર ન નીકળવુ, સેનેટાઈઝરથી હાથ ધોવા, વગેરે સ્થાનિક સરપંચો ધ્યાન રાખી જનજાગૃતિ અભિયાનમાં મદદરૂપ થઈ રહ્યા છે. ત્યારે ચિલોડા ગ્રામ પંચાયત દ્વારા ગામના દરેક નાગરિક કોરોના વાયરસના સંક્રમણથી બચવા માટે ૬૫૦૦ સાદા માસ્ક બનાવી ગામની દરેક રહેણાંક વિસ્તારોમાં વસતા નાગરિકોને સ્વયંસેવકોની નિમણુંક કરી ઘરે ઘરે ૪ નંગ માસ્કનું વિતરણ કરી ફરજિયાત માસ્કનો ઉપયોગ કરવા જનજાગૃતિનો સંદેશો આપ્યો હતો.

## જન્મદિને વધામણી

શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા
શિક્ષણમંત્રી, ગુજરાત રાજ્ય

ડૉ. ગાયત્રીબેન બારોટ
આચાર્ય, નીમા આર્ટ્સ કોલેજ
મો.૭૯૨૩૨૯૬૧૫,૯૯૭૪૧૩૬૩૧૭

હિરેનકુમાર વી રૂપાલા
મો. ૯૦૯૯૯ ૫૨૫૮૧

હની ડી ગજ્જર
મો. ૯૪૨૮૦ ૨૮૦૯૩

તસવીર
શિલ્પેશકુમાર પરમાર

મનીષા એમ નાઈ
મો. ૭૦૪૩૮ ૨૮૨૬૪

હીર એચ નાઈ
મો. ૯૮૯૮૦ ૦૮૨૬૪

ધીરેન્દ્રભાઈ આર પરમાર
મો. ૯૮૨૪૬ ૨૧૧૪૨

ભાગ્યશ્રી ઉમંગ લીંબાચીયા

પટેલ જશુભાઈ રમણભાઈ
મો. ૯૪૨૬૫ ૩૪૫૨૮